सत्यमेव जयते

**GJBT020002762025**

કેસ રજુ તા. ૨૧–૦૧–૨૫
દાખલ તા. ૨૧–૦૧–૨૫
ફેંસલ તા. ૧૧–૦૫–૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ

**બોટાદના મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

ફોજદારી કેસ નં. ૧૪૬/૨૫
આંક –

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** (૧) અંકિતભાઇ કાંતીલાલ માલવીયા, ઉ.વ.આ. ૩૧,
(૨) આશાબેન કાંતીલાલ માલવીયા, ઉ.વ.આ. ૫૫,
બંને રહે. પરવઠ, તા. વિજયનગર, જી. સાબરકાંઠા.

**ગુનોઃ–** ઇ.પી.કો. કલમ – ૪૯૮(ક), ૫૦૪, ૧૧૪ મુજબ ...

---

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – ડૉ. રાકેશભાઇ આર. જાની
આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી – એ. ડી. વાળા.

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

ગઇ તા.૨૬–૦૪–૨૦૨૪ ના રોજ આ કામના ફરિયાદીના લગ્ન આરોપી નં. ૧ સાથે થયા બાદ ફરિયાદી આરોપીઓ સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા ત્યારે તા.૨૯–૦૪–૨૦૨૪ થી તા.૨૬–૦૫–૨૦૨૪ દરમ્યાન આરોપીઓએ ફરિયાદીને ઘરની નાની નાની બાબતોમાં અવારનવાર મેણાંટોણાં મારી, ફરિયાદી સાથે ઝઘડો કરી, ભુંડાબોલી ગાળો આપી, શારીરિક–માનસિક ત્રાસ આપી, આરોપીઓએ ગુનામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

જે બનાવ અંગે ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ તા.૧૦–૧૧–૨૦૨૪ ના રોજ હાલની ફરિયાદ આપતાં તે બોટાદ મહિલા પો.સ્ટે.ના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૭૨૪૦૦૨૬/૨૪ થી નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે ત.ક.અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપીઓ સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિદ્બાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૪ થી તહોમતનામુ** ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીની **આંક–૦૫ અને આંક–૦૬ થી પ્લી** નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરી, પોતે ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** આ કામે ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| **૧.** | ૧૨ | ફરિયાદી પ્રિયંકાબેન અંકિતભાઇ માલવીયા ની જુબાની |
| **૨.** | ૧૩ | ફરિયાદ |
| **૩.** | ૧૬ | સાહેદ કમળાબેન જીવણભાઇ ગામેતી ની જુબાની |
| **૪.** | ૧૭ | સાહેદ જીવણભાઇ પુંજાભાઇ ગામેતી ની જુબાની |
| **૫.** | ૧૯ | સાહેદ નિલેશભાઇ જીવણભાઇ ગામેતી ની જુબાની |
| **૬.** | ૨૨ | ત.ક.અધિકારી ભુપતભાઇ મનજીભાઇ વાલાણી ની જુબાની |

**૪.)** ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક સ્વરૂપે જાહેર કરેલ છે.

ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ વિરૂધ્ધની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ વિરૂધ્ધ તદ્દન ખોટો કેસ કરેલ હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ આ કામે વિશેષમાં તેઓએ કાંઈ કહેવુ નથી કે બચાવપક્ષે કોઈ સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

**૫.)** ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષની હકીકતો મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી.

જ્યારે આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી એ.ડી.વાળાની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદી અન્ય કોઈ સાહેદોએ ફરિયાદપક્ષને મદદરૂપ થતો પુરાવો આપેલ નથી. હાલના આરોપીઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. જેથી તેઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

**૬.)** ઉપરોકત ફરિયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ગઈ તા.૨૬–૦૪–૨૦૨૪ ના રોજ આ કામના ફરિયાદીના લગ્ન આરોપી નં. ૧ સાથે થયા બાદ ફરિયાદી આરોપીઓ સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા ત્યારે તા.૨૯–૦૪–૨૦૨૪ થી તા.૨૬–૦૫–૨૦૨૪ દરમ્યાન આરોપીઓએ ફરિયાદીને ઘરની નાની નાની બાબતોમાં અવારનવાર મેણાંટોણાં મારી, ફરિયાદી સાથે ઝઘડો કરી, ભુંડાબોલી ગાળો આપી, શારીરિક–માનસિક ત્રાસ આપી, આરોપીઓએ ગુનામાં એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો. કલમ–૪૯૮(ક), ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**૭.)** ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી.

ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે, તેમાં વિરોધાભાસ અને અતિરેકના કારણે ફરિયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત

થયેલી ગણાય.

**<u>ફરિયાદીનો પુરાવોઃ–</u>**

૮.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧** પ્રિયંકાબેન અંકિતભાઈ માલવીયા ને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૬–૦૪–૨૦૨૪ ના રોજ તેણીના લગ્ન આ કામના આરોપી અંકિતભાઈ સાથે તેમના સમાજના રીતરિવાજ મુજબ થયેલાં. તેમની સાસરીમાં તેણી તથા તેણીના પતિ અંકિત અને સાસુ આશાબેન સંયુક્ત પરિવારમાં રહે છે. ત્યારબાદ તા.૨૯–૦૪–૨૦૨૪ ના રોજ સાંજના તેઓ માસિક ધર્મમાં બેસેલ હોય તે બાબતે ફરિયાદીએ તેના પતિ/આરોપી અંકિતને જણાવેલું. જેથી આરોપી અંકિતે ફરિયાદીને તેણીના સાસુ/આરોપી નં. ૨ સાથે વાત કરી લેવા તથા તેઓ જેમ કહે તેમ કરવા જણાવેલું. જેથી ફરિયાદી માસિક ધર્મમાં આવેલ હોય તે બાબતે તેણીએ આરોપી નં. ૨/તેણીના સાસુને જણાવતાં આરોપી નં. ૨ નાએ બાથરૂમમાં નાહવાની ના પાડેલ અને ઘરની બહાર ખુલ્લામાં નહાવાનું કહેલું. જે જગ્યા સાવ ખુલ્લી હોય અને ત્યાં લોકો આવતા જતા હોય, તેમજ તે જગ્યાએ આગળ હાઈ–વે દેખાતો હોય તથા ઘરમાં પણ લોકો ત્યાંથી જોઈ શકે તેમ હોય, ફરિયાદીએ ખુલ્લામાં કેમ નાહવાનું તેમ કહેલ. તો આરોપી નં. ૨ નાએ ફરિયાદીને "*અમારે ત્યા બધાજ આમજ કરે છે, તારે પણ કરવુ પડશે* ". જેથી આ બાબતે ફરિયાદીને તેણીના સાસુ /આરોપી નં. ૨ સાથે બોલાચાલી થયેલી. જેથી તે બાબતની વાત ફરિયાદીએ તેણીના પિયરમાં કરેલ અને ફરિયાદીએ તેણીની માતાને પિયરમાં લઈ જવાનું કહેલ તથા ૦૭ દિવસ બાદ ફરીથી મુકી જવાનું કહેલુ.

ત્યારબાદ ફરિયાદીના માતા અને ભાઈએ આરોપી અંકિતભાઈ સાથે વાત કરતા આરોપી અંકિતે પણ ખુલ્લામાં નાહવાનું કહેલ અને આરોપી નં.૨ કહે તેમ કરવાનું જણાવેલ. જેથી તેના બીજા દિવસે તા.૩૦–૦૪–૨૦૨૪ ના રોજ ફરિયાદીને આણાં માટે તેણીના કુટુંબના માતાપિતા તથા પિયરના સગાવ્હાલા પરવટ ગામે આવેલા અને તેણીને લઈ ગયેલાં. જેના એક દિવસ બાદ આરોપી નં. ૧ અંકિત અને તેની બહેન ફરિયાદીને તેડવા આવેલા અને ફરિયાદીને ફરી સાસરી પરવટ મુકામે લઈ ગયેલ. સાસરીમાં આવ્યા બાદ આરોપી નં. ૨ નાની નાની બાબતોમાં ફરિયાદી સાથે ઝઘડો કરતા હતા અને ફરિયાદીનો સામાન ગોઠવેલ ન હોય ગોઠવવાનું કહેતા ના પાડેલ.

ત્યારબાદ એક દિવસ આરોપીઓએ ફરિયાદીને કહેલ કે "*તે પિયરમાં આ હકીકત જણાવીને યોગ્ય કરેલ નથી. હવે પછી જો કોઈ વાત તું તારા પિયરમાં કરીશ તો અમે તારા પિયરીયા સાથે કોઈ સબંધ રાખીશુ નહી, તું પારકા ઘરેથી આવી છો, તારે દુઃખ સહન કરવુ પડશે, જો પિયરમાં વાત કરીશ તો તને રાખીશુ નહી*". જેના બીજા દિવસે તા.૨૬-૦૫ ના રોજ આરોપી અંકિત તેણીને ફરવા લઈ જવાના બહાને ઉદયપુર લઈ ગયેલા અને ત્યાં જઈ તેની પાસે પૈસા નથી તેમ કહી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન થી ફરિયાદી પાસે રહેલ રોકડ રકમ રૂ૦૧૦,૦૦૦/- લઈ લીધેલ.

તેમજ ત્યાંથી પરત આવ્યા બાદ પણ ફરિયાદીએ કોઈ છોકરી બહાર ના નહાય તેમ જણાવેલ તો આરોપી નં. ૧ નાએ "*મારા માતા પિતા જેમ કહે તેમ કરવુ પડશે, હું મારા માતા પિતાને કશુ કહીશ નહી અને તારી ભુલ છે, તે તારા માતા પિતાને જાણ કરેલ* " તેમ જણાવેલ. જેથી બીજા દિવસે રજા પુર્ણ થતા ફરિયાદી ખાંભડા નોકરીમાં આવી ગયેલ. જે બાબતે બોટાદ મહિલા પો.સ્ટે.માં હાલની ફરિયાદ આપેલ. જે ફરિયાદ તેમને બતાવતાં તેણી તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક-૧૩ થી રજુ કરેલ છે.

-> બચાવપક્ષે સદરહુ **ફરિયાદીની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેણીએ બી.એસ.સી. નર્સીંગનો અભ્યાસ કરેલ છે. તેમજ તેણીના લગ્ન વાંકાનેર મુકામે થયેલા અને લગ્નજીવન પરવટ ગામે શરૂ થયેલ. હાલનો બનાવ પણ પરવટ ગામે બનેલ. જ્યાં પરવટ ગામે પોલીસ સ્ટેશનમાં, મહિલા પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ કરેલ નથી. તા.૨૬-૦૪ ના રોજ તેણીના લગ્ન થયેલ અને તા.૨૯-૦૪ ના રોજ તેણીને માસિક ધર્મ શરૂ થયેલ જેના બીજા દિવસે તેણીના માતાપિતા અને સગાસંબંધી તેણીને લઈ ગયેલાં. લગ્ન પહેલા તેણી બોટાદ જીલ્લાના બરવાળા તાલુકાના ખાંભડા ગામે નોકરી કરતી હતી. તેણીના પિતા પોલીસમાં નોકરી કરે છે. ફરિયાદ આપેલ તે સમયે તેણીના પિતા એમ.ટી.સુપરવાઈઝર તરીકે એમ.ટી.વિભાગમાં નોકરી કરતા હતાં. તેણીના પતિ/આરોપી નં. ૧ અંકિતભાઈ સરકારી કર્મચારી છે. તેણી અને આરોપી અંકિતનો પરિવાર શિક્ષિત પરીવાર છે.

વધુમાં, હાલની મોડી ફરિયાદ કરવાનું ચોક્કસ કારણ તેણીએ પોતાની ફરિયાદમાં જણાવેલ નથી. રીયુનીયન માટે તેણી અને તેણીના માતાપિતા

રાહ જોતા હતાં. તેણીના સાસરીવાળા તેણીની નોકરી છોડવાનો આગ્રહ રાખતા હતાં. વધુમાં, ફરિયાદીએ "*તેના બીજા દિવસે તા.૨૬–૦૫ ના રોજ મારા પતિ મને ફરવા લઈ જવાના બહાને ઉદયપુર લઈ ગયેલા અને ત્યાં જઈ મારી પાસે પૈસા નથી તેમ કહી ઓનલાઈન ટ્રાન્જેક્શનથી મારી પાસે રહેલ રોકડ રકમ રૂ.૧૦,૦૦૦/– મારા પતિએ લઈ લીધેલ* " તે હકીકત પોતાની ફરિયાદમાં જણાવેલ નથી.

**<u>ફરિયાદીની માતાનો પુરાવોઃ–</u>**

૯.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨** કમળાબેન જીવણભાઈ ગામેતીને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી પ્રિયંકાબેન તેમની દિકરી થાય છે. તેણીના લગ્ન તા.૨૬–૦૫–૨૦૨૪ ના રોજ પરવટ ગામે આરોપી અંકિતભાઈ સાથે કરેલાં અને લગ્નના ચોથા દિવસે ફરિયાદીએ તેમને ફોન કરી જણાવેલ કે, તેણી માસિક ધર્મમાં આવેલ હોય તેણીને ખુલ્લામાં બહાર નહાવાનું તેના સાસુ/આરોપી નં. ૨ નાએ કહેલ. જેથી ફરિયાદીએ બહાર નહાવાની ના પાડેલ પરંતુ આરોપી નં. ૨/સાસુએ તેણીને બહાર જ નહાવાનું કહેતા ફરિયાદીએ તેમને ફોન કરી "*મને અત્યારેજ લઈ જાવ અને આવતી કાલે હું પાછી આવી જઈશ* " તેમ કહેલું.

જેથી બીજા દિવસે સાહેદ તેમની દિકરીને તેડવા ગયેલા ત્યારે તેણીના સાસુ/આરોપી નં. ૨ સાહેદ સાથે બોલેલ નહી અને તેડવા ગયેલ તે પહેલા ફરિયાદીને "*તારે બહાર જ નહાવુ પડશે આ વાત શા માટે તારા માતા–પિતાને કીધી. સુખ–દુઃખ ગમે તે હોય, તું તારા માતાપિતાને કહીશ તો અમે તેમની સાથે સંબંધ રાખીશુ નહી* ". જેથી સાહેદ તેમની દિકરી/ફરિયાદીને લઈ આવેલ. જેના બીજા દિવસે તેના પતિ આરોપી નં. ૧ અંકિત અને અન્ય ચાર લોકો તેણીને તેડવા આવેલાં. ફરિયાદીને લઈ ગયા બીજા દિવસે પરત મુકી ગયેલ.

ફરિયાદીને બોટાદ પાછુ આવવાનું હતુ તેના પતિ/આરોપી નં. ૧ તેણીને હિંમતનગર સુધી મુકી ગયેલ અને બસમાં બેસાડી દીધેલ. તેમજ આરોપી નં. ૨ નાએ ફરિયાદીને "*તું પારકા ઘરેથી આવી છો, તું પારકી છો તને સુખ પડે કે દુઃખ પડે તારે સહન કરવુ પડશે* " તેમ કહી તેને માનસિક ત્રાસ આપેલ. ત્યારબાદ ફરિયાદી બોટાદ આવી ગયેલ અને ફરિયાદીને મુકવા જતા આરોપી નં. ૨ નાએ સાહેદો સાથે ગેરવર્તન કરેલ અને "*તમારી દિકરીને મુકવી હોય તો લખાણ આપો* " તેમ કહેલું પરંતુ સાહેદે કોઈ લખાણ આપેલ નહી.

લગ્ન કરીને આવેલ હોય કેમ લખાણ આપીએ તેમ જણાવેલ. જેથી સાહેદે ફરિયાદીને ફરી બોટાદ પરત લઈ આવતા રહેલાં. જે બાબતે ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ બોટાદ મહિલા પો.સ્ટે.માં હાલની ફરિયાદ આપેલ. સાહેદ ફરિયાદીના સારા લગ્નજીવન માટે ૦૩ વખત પરવટ ગયેલ.

સાહેદ આરોપી નં. ૧ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હોય અને તેમની દિકરી તેણીની સાસરીમાં હોય ફરિયાદીએ હાલના બનાવની વાત ફોનથી કરેલી. ફરિયાદીએ પરવટ મુકામે પોલીસમાં ફરિયાદ કરેલ હોય તેવુ બનેલ નથી. ફરિયાદી ખાંભડા મુકામે તલાટી કમ મંત્રી તરીકે નોકરી કરે છે. મહિલા સ્ટેશને પોલીસે ફક્ત તેમનું નામ–સરનામું અને ઉંમર પુછેલ તે સિવાય બીજુ કાંઈ પુછેલ નહી. લગ્નજીવન માત્ર ૧૫–૨૦ દિવસ ચાલેલુ. જે દરમ્યાન ફરિયાદીએ ૩–૪ વખત બોટાદ થી પરવટ વચ્ચે આવ–જા કરેલી. જો ફરિયાદીને સારી રીતે રાખે અને માનસિક ત્રાસ ન આપે તો સાહેદ તેમની દિકરીને મોકલવા તૈયાર છે. તેમની દિકરી/ફરિયાદીને આરોપી નં. ૧ નાએ કાઢી મુકેલ હોય તેવુ બનેલ નથી.

<u>**ફરિયાદીના પિતાનો પુરાવોઃ–**</u>

**૧૦.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૩** જીવણભાઇ પુંજાભાઈ ગામેતી ને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી પ્રિયંકાબેન તેમની દિકરી થાય છે. તેણીના લગ્ન તા.૨૬–૦૫–૨૦૨૪ ના રોજ પરવટ ગામે આરોપી અંકિતભાઈ સાથે કરેલાં. ફરિયાદીનો તા.૨૯–૦૪–૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે તેમની પત્ની/સાહેદ નં. ૨ ઉપર ફોન આવેલો. જે બાબતે સાહેદને બીજા દિવસે બપોરે હકિકત જણાવેલ. સાહેદને તેમની પત્નીએ જણાવેલ કે, ફરિયાદીને માસિક ધર્મ શરૂ થયેલ હોય તેણીના સાસુ/આરોપી નં. ૨ નાએ તેણીને ખુલ્લામાં નહાવાનું કહી તેણીની સાથે બોલાચાલી કરેલી. જેથી સાહેદ અને તેમની પત્ની ફરિયાદીને આણુ તેડવા માટે જવાનું હોય તેણીને લઈ આવેલ અને ત્યારબાદ બીજા દિવસે તેમના જમાઇ/આરોપી નં. ૧ અંકિત અને અન્ય ચારેક માણસો ફરિયાદીને લઈ ગયેલાં. જ્યાં ફરિયાદી ૨–૩ દિવસ જેટલું રોકાયેલ અને ત્યારબાદ તેમની દિકરીને લઈ આવેલ. તે દરમ્યાન તેણીના સાસુ–સસરા અને જમાઈ તેમની દિકરી/ફરિયાદી સાથે સતત ડખા કરતા હતાં.

ફરિયાદીની રજા પુરી થતા તેણી નોકરી પર જતી રહેલી. અઠવાડીયું નોકરી કરી ફરિયાદી તેની સાસરીમાં ગયેલ, જ્યાં ૨–૩ દિવસ રોકાય અને સાહેદને ત્યાં પરત આવેલ. ત્યારબાદ ફરવા ગયેલા અને ત્યારબાદ તેણી ફરી નોકરી ઉપર જતી રહેલી. આ સમય દરમ્યાન આરોપીઓએ તેમની દિકરીને લઇ જવા માટે કોઇ ફોન કરેલ નહી. ત્યારબાદ સાહેદ ફરિયાદીને લઇને બે વખત તથા સાહેદ તેમની પત્ની સાથે બે વખત મળી કુલ–૦૪ વખત સાહેદ ફરિયાદીના સાસરે સમાધાન માટે ગયેલાં પરંતુ આરોપીઓએ કોઇ સમાધાન કરેલ નહી. તેમજ "*તમારી દિકરીને અહીંયા રહેવુ હોય તો લેખિતમાં આપે* " તેમ કહેલું પરંતુ લગ્ન કરેલ હોય લેખિતમાં શું દેવાનું હોય. જેથી તેમની દિકરી/ફરિયાદીએ બોટાદ મહિલા પો.સ્ટે.માં આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરિયાદ આપેલ. જે બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી. સાહેદ આરોપી નં. ૧ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, ફરિયાદીએ સાહેદ નં. ૨ ને ફોન કરી બનાવ બાબતે જણાવેલું. બનાવ સમયે તેઓ તેમના ઘરે હોય અને તેમની દિકરી તેણીની સાસરીમાં હતી. ફરિયાદીએ પરવટ મુકામે પોલીસમાં ફરિયાદ કરેલ હોય તેવુ બનેલ નથી. ફરિયાદી ખાંભડા મુકામે તલાટી કમ મંત્રી તરીકે નહી પરંતુ આરોગ્ય વિભાગમાં નોકરી કરે છે.તેઓ ઘણા સમય પહેલા બોટાદ ટાઉન પો.સ્ટે.માં નોકરી કરતા હતાં જેથી તેમને ઘણા પોલીસ લોકો ઓળખતા હોય પરંતુ બનાવ સમયે સ્ટાફ કર્મચારીઓ બદલાઇ ગયેલા હતાં. ફરિયાદ બાદ મહિલા પો.સ્ટે. જવાનું થયેલ જ્યાં બનાવ બાબતે તેમની પુછપરછ કરેલી તેમનું નિવેદન લીધેલું.

વધુમાં, સાહેદે તેમના નિવેદનમાં "*અઠવાડીયુ નોકરી કરી મારી દિકરી તેની સાસરીમાં ગયેલ. બે ત્રણ દિવસ રોકાય અને અમારે ત્યા આવેલ અને ત્યારબાદ ફરવા ગયેલા અને ત્યારબાદ મારી દિકરી નોકરી પર જતી રહેલી. તે સમય દરમ્યાન સામાવાળાએ મારી દિકરીને તેડવા માટે કોઇ ફોન કરેલ નહી. ત્યારબાદ હું ચાર વાર મારી દિકરીને બે વાર લઇને અને બે વાર હું અને મારા પત્ની મારી દિકરીના સાસરામાં સમાધાન માટે ગયેલ પરંતુ તે લોકોએ કોઇ સમાધાન કરેલ નહી. તે લોકો કહે છે કે, તમારી દિકરીને અહિયા રહેવુ હોય તો લેખીતમાં આપે, લગ્ન કરેલ હોય લેખીતમાં શું દેવાનું હોય* " તેવી હકીકત જણાવેલ નથી. બનાવની હકિકત તેમને તેમના પત્ની/સાહેદ નં. ૨ નાએ જણાવેલ.

**<u>ફરિયાદીના ભાઇનો પુરાવોઃ–</u>**

**૧૧.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૪** નિલેશભાઇ જીવણભાઇ ગામેતીને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી તેમની નાની બેન થાય છે. તેણીના લગ્ન પરવટ ગામે આરોપી નં. ૧ અંકિતભાઇ સાથે થયેલાં. ગઇ તા.૨૯–૦૪–૨૦૨૪ ના રોજ રાત્રીના ૦૯ઃ૩૦ વાગ્યાના સુમારે તેમની બેને માતા કમળાબેન ઉપર ફોન કરી તેણીને લઇ જવા જણાવેલું. ફરિયાદીએ તેમની માતાને જણાવેલ કે, તેણીને માસિક ધર્મ શરૂ થયેલ હોય તેણીના સાસુ/આરોપી નં. ૨ નાએ તેણીને ખુલ્લામાં નહાવાનું કહી તેણીની સાથે બોલાચાલી કરેલી. જેથી સાહેદની માતાએ ફરિયાદીને "*કાલે તને તેડવા આવીએ છીએ તુ આજની રાત રહી જા* " તેમ જણાવેલું.

ત્યારબાદ ફરિયાદીને આણુ તેડવા માટે જવાનું હોય તેણીને લઇ આવેલ. જ્યાં સાહેદના માતાપિતાએ ફરિયાદીના સાસુ–સસરા સાથે ફરિયાદી સાથે આવુ ન કરવા જણાવેલ. ત્યારબાદ બીજા દિવસે તેમના બનેવી/આરોપી અંકિત અને બીજા ચારેક માણસો તેમની બેન/ફરિયાદીને લઇ ગયેલ. જ્યાં તેણી થોડાક દિવસ રોકાયેલ અને ત્યારબાદ ફરિયાદી ખાંભડા સબ સેન્ટર ખાતે નોકરી કરતી હોય ત્યાં તેણીને ત્યાં નોકરીમાં હાજર થવાનું હોય બોટાદ મુકી જવાનું કહેતા તેણીને બોટાદ મુકી ગયેલ નહી પરંતુ વાંકાનેર મુંકી ગયેલ.

ત્યારબાદ બીજા દિવસે ફરિયાદી બોટાદ નોકરીમાં હાજર થવા આવેલ. ફરિયાદીને જ્યારે વાંકાનેર મુકવા આવેલ ત્યારે સાહેદના બનેવી/આરોપી અંકિતે "*તેને મારી બેનને રાખવી નથી* " તેમ જણાવેલું. લગ્ન બાદ ફરિયાદીને ચોટીલા દર્શન કરવાના હોય તે માટે માનતા પુરી કરવા સાહેદ, સાહેદની માતા, સાહેદની બેન તથા સાહેદના બનેવી ચોટીલા દર્શન કરવા ગયેલ અને ત્યાંથી બોટાદ ઘરે આવેલ. જેના બીજા દિવસે સવારે ૦૭ઃ૦૦ વાગ્યાની ટ્રેનમાં ગાંધીનગર સાહેદના બેન અને બનેવી ગયેલ. ત્યારે પણ રેલ્વે સ્ટેશને સાહેદને તેમના બનેવીએ "*આજે છેલ્લી વાર બોટાદ આવ્યો છુ હવે પછી હું બોટાદ પગ નહી મુકુ* " તે કહેલું.

વધુમાં, ફરિયાદીના સસરા મરણ ગયેલાં તેની જાણ પણ ફરિયાદી કે સાહેદને કરેલ નહી. તેમજ ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ હાલનો કેસ કરતાં ફરિયાદીના ત્રાસથી આરોપી નં. ૧ ના પિતા ગુજરી ગયેલ છે તેવુ સમાજમાં જણાવેલ.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, તેમના પિતા જીવણભાઈ પોલીસમાં નોકરી કરે છે. તેમના બેન પરવટ ગામે, તા. વિજયનગર, જી.સાબરકાંઠા સાસરે હોય કહેવાતો બનાવ પરવટ ગામે બનેલ. કહેવાતા બનાવની ફરિયાદ ફરિયાદીએ પરવટ મુકામે કરેલ હોય તેવુ બનેલ નથી. ફરિયાદીના સસરા મરણ ગયેલ જેની જાણ પણ ફરિયાદી કે સાહેદોને કરેલ નથી.

વધુમાં, સાહેદે તેમના નિવેદનમાં "*મારી બેનને તેના પતિ અને સાસુ વિરૂધ્ધ કેસ કરતા મારી બેનના ત્રાસથી તેના પિતા ગુજરી ગયેલ છે તેવુ સમાજમાં જણાવેલ* " તેવુ સાહેદે તેમના નિવેદનમાં જણાવેલ નથી. તેમજ "*બીજા દિવસે સવારે સાત વાગ્યાની ટ્રેનમાં ગાંધીનગર મારા બેન અને બનેવી ગયેલ ત્યારે મારા બનેવી એ રેલ્વે સ્ટેશને મને કહેલ કે આજે છેલ્લી વાર બોટાદ આવ્યો છુ હવે પછી હું બોટાદ પગ નહી મુકુ* " તેવી હકીકત જણાવેલ નથી. બનાવ બાબતે તેમને પોલીસને મળવાનું થયેલ નથી. આરોપીઓએ ફરિયાદીને ત્રાસ આપેલ છે.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવોઃ–</u>**

**૧૨.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૫ ભુપતભાઈ મનજીભાઈ વાલાણી**ને આંક–૨૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બોટાદ મહિલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૦૦૨૬/૨૪, તા.૧૦–૧૧–૨૦૨૪ ફરિયાદીની ફરિયાદ પી.એસ.ઓ. બી.જે.રાઠોડ નાઓએ રજીસ્ટરે લઈ આગળની તપાસ તેમને સોંપતા તેઓએ આરોપીઓની અટક કરી જામીન અંગેની કામગીરી બજાવેલ. ત્યારબાદ જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, ફરિયાદીની ફરિયાદ મુજબ કહેવાતો બનાવ પરવટ ગામે બનેલો પરંતુ પરવટ ગામે જઈ તેઓએ કોઈ તપાસ કરેલ હોય તેવું બનેલ નથી. ફરિયાદીએ તેમની ફરિયાદમાં ગાળોના ચોક્કસ શબ્દો લખાવેલ નથી. ફરિયાદી પરવટ ગામથી તેણીની જાતે બોટાદ મુકામે આવી ગયેલ તેવુ ફરિયાદમાં જણાવેલ છે. આ કામે લીધેલ નિવેદનો ફરિયાદીના સગાસબંધીના છે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તેમજ તપાસના કામે ગુનાવાળી જગ્યાનું કે આરોપી અટક અંગેનું કોઈ પંચનામુ કરેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**૧૩.૧)** આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, આંક–૧૨ થી રજુ ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, બનાવનું મુખ્ય કારણ ફરિયાદી તેમની સાસરીમાં હતી ત્યારે માસિક ધર્મમાં આવતાં તેણીની સાસુએ બાથરૂમમાં નાહવાની ના પાડેલી અને ઘરની બહાર ખુલ્લામાં નહાવાનું કહેતાં ફરિયાદીએ ઈન્કાર કરેલ, જેથી ફરિયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલી. તેમજ બનાવની વાત પીયરમાં કહેશે તો પીયરીયા સાથે સંબંધો રાખીશુ નહી. તેમજ તેણીના પતિ તેણીને ફરવા લઇ ગયેલા તેના પૈસા ફરિયાદી પાસેથી લઇ લીધેલાં.

જ્યારે ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં ફરિયાદવાળો બનાવ પરવટ ગામે બનેલ છે અને ત્યાં ફરિયાદીએ કોઇ ફરિયાદ આપેલ હોય તેવું જણાતું નથી. ફરિયાદીના લગ્ન તા.૨૬–૦૪ ના રોજ થયેલા અને તા.૨૯–૦૪ ના રોજ માસિક ધર્મમાં આવેલા અને તેના બીજા દિવસે તેણીના માતાપિતા તેણીને લઇ ગયેલાં. ફરિયાદીનો તથા આરોપીનો પરિવાર શિક્ષિત પરિવાર છે. ફરિયાદીએ તેના પતિ તેણીને ફરવા લઇ ગયેલ હોય અને તેનો ખર્ચ ફરિયાદી પાસેથી લઇ લીધેલ હોય તેવી હકીકત ફરિયાદમાં જણાવેલ નથી. જે ધ્યાને લેતાં ફરિયાદવાળો બનાવ તે બોટાદની હકુમતમાં બનેલ હોય તેવું જણાતું નથી પરંતુ તકરારી બનાવ પરવટ ગામે, તા. વિજયનગર, જી. સાબરકાંઠા ખાતે બનેલ હોવાનું જણાય છે. તેમજ ફરિયાદીનો પુરાવો જોતાં આરોપીઓના શારીરિક માનસિક ત્રાસના કારણે ફરિયાદીને જીવન જીવવાનું દુઃસહ્ય બની જાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. જે ધ્યાને લેતાં ઇ.પી.કો. ૪૯૮(ક) મુજબના તત્વો ફરિયાદી પુરાવામાં જણાઇ આવતા નથી જેથી ફરિયાદીના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

**૧૩.૨)** આંક–૧૬ થી રજુ ફરિયાદીના માતાનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેમની દિકરી સાસરીમાં હતી ત્યારે માસિક ધર્મમાં આવતાં તેણીની સાસુએ બાથરૂમમાં નાહવાની ના પાડેલી અને ઘરની બહાર ખુલ્લામાં નહાવાનું કહેતાં ફરિયાદીએ ઈન્કાર કરેલ, જેથી ફરિયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલી. તેમજ આરોપીઓએ તેમની દિકરીને કહેલ કે "*બનાવની વાત પીયરમાં કહેશે તો પીયરીયા સાથે સંબંધો રાખીશુ નહી* ". તેમજ તેમની દિકરી

ફરી સાસરે ગયેલી ત્યારે તેની સાસુએ કહેલ કે તુ પારકા ઘરેથી આવેલ છે. સુખ પડે કે દુ:ખ તારે સહન કરવું પડશે " તેમ કહી માનસિક ત્રાસ આપેલ.

જ્યારે સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમની દિકરીએ બનાવની વાત ફોન ઉપર કહેલી. તેમની દિકરીએ પરવટ ગામે કોઇ ફરિયાદ કરેલ નથી. પોલીસે તેમનું નામ–સરનામુ અને ઉંમર સિવાય બીજુ કાંઇ પુછેલ નથી. તેમની દિકરીનું લગ્ન ૧૫–૨૦ દિવસ ચાલેલું, જેમાં તેણી ત્રણેક વખત સાસરે ગયેલી. તેમની દિકરીને જમાઇએ કાઢી મુકેલ હોય તેવું બનેલ નથી.

જે ધ્યાને લેતાં ફરિયાદવાળો બનાવ તે બોટાદની હકુમતમાં બનેલ હોય તેવું જણાતું નથી પરંતુ તકરારી બનાવ પરવટ ગામે, તા. વિજયનગર, જી. સાબરકાંઠા ખાતે બનેલ હોવાનું જણાય છે. તેમજ સાહેદનો પુરાવો જોતાં આરોપીઓના શારીરિક માનસિક ત્રાસના કારણે ફરિયાદીને જીવન જીવવાનું દુ:સહ્ય બની જાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. જે ધ્યાને લેતાં આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

**૧૩.૩)** આંક–૧૭ થી રજુ ફરિયાદીના પિતાનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેમની દિકરી સાસરીમાં હતી ત્યારે માસિક ધર્મમાં આવતાં તેણીની સાસુએ બાથરૂમમાં નાહવાની ના પાડેલી અને ઘરની બહાર ખુલ્લામાં નહાવાનું કહેતાં ફરિયાદીએ ઇન્કાર કરેલ, જેથી ફરિયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલી અને તેમની દિકરીએ જાણ કરતાં તેઓ તેમની દિકરીને લઇ લાવેલ. તેમજ આરોપીઓ તેમની દિકરી સાથે સતત ડખા કરતા હતાં. તેઓ તેમની દિકરીને લઇને સામાવાળાને ત્યાં સમાધાન માટે ગયેલાં પરંતુ આરોપીઓએ કહેલ કે તેમની દિકરીને અહીંયા રહેવું હોય તો લેખિતમાં આપવું પડશે.

જ્યારે સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમની દિકરીએ તેમની પત્નીને બનાવની જાણ ફોન ઉપર કહેલી. તેમની દિકરીએ પરવટ ગામે કોઇ ફરિયાદ કરેલ નથી. તેમજ તેમના નિવેદનમાં તેઓ તેમની દિકરીને લઇને સમાધાન માટે ગયેલ હોય અને આરોપીઓએ કહેલ કે "*તેમની દિકરીને અહીંયા રહેવું હોય તો લેખિતમાં આપવું પડશે* " તેવી હકીકત તેમના નિવેદનમાં જણાવેલ નથી.

જે ધ્યાને લેતાં ફરિયાદવાળો બનાવ તે બોટાદની હકુમતમાં બનેલ હોય તેવું જણાતું નથી પરંતુ તકરારી બનાવ પરવટ ગામે, તા. વિજયનગર, જી. સાબરકાંઠા ખાતે બનેલ હોવાનું જણાય છે. તેમજ સાહેદનો પુરાવો જોતાં

આરોપીઓના શારીરિક માનસિક ત્રાસના કારણે ફરિયાદીને જીવન જીવવાનું દુઃસહ્ય બની જાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. જે ધ્યાને લેતાં આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

**૧૩.૪)** આંક–૧૯ થી રજુ ફરિયાદીના ભાઇનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૯–૦૪–૨૦૨૪ ના પોદ તેમની બેને તેમની માતાને ફોન કરી લઇ જવા જણાવેલું અને કહેલ કે તેણી સાસરીમાં હતી ત્યારે માસિક ધર્મમાં આવતાં તેણીની સાસુએ બાથરૂમમાં નાહવાની ના પાડેલી અને ઘરની બહાર ખુલ્લામાં નહાવાનું કહેતાં ફરિયાદીએ ઇન્કાર કરેલ, જેથી ફરિયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલી. તેમની બેને જાણ કરતાં તેઓ તેમની બેનને લઇ લાવેલ અને ત્યારબાદ તેમના બનેવી ફરીથી તેમને બેનને લઇ ગયેલ.

જ્યારે સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં તેમની બેને પરવટ ગામે કોઇ ફરિયાદ કરેલ નથી. તેમજ તેમના નિવેદનમાં તેમની બેનના સસરા મરણ ગયેલ હોય તેની જાણ તેઓને કરેલ ન હોય અને તેમની બેને હાલનો કેસ કરેલ હોય તે ત્રાસના કારણે તેઓ ગુજરી ગયેલ હોય તેવી હકીકત પોલીસ નિવેદનમાં જણાવેલ નથી. તેમજ તેમના બેન–બનેવીને ગાંધીનગર જવાનું હોય તેઓ રેલ્વે સ્ટેશન સાથે ગયેલ હોય ત્યારે તેમના બનેવીએ આજે છેલ્લી વાર બોટાદ આવેલ છું પછી બોટાદ પગ નહી મુકુ તેવી હકીકત પોતાના નિવેદનમાં જણાવલે નથી. બનાવ બાબતે પોલીસને મળવાનું થયેલ નથી.

જે ધ્યાને લેતાં પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ ન હોય તેમજ આ સાહેદે તેમના નિવેદનમાં ન જણાવેલ હકીકત મુજબનો પુરાવો આપેલ હોય, તેમજ ફરિયાદવાળો બનાવ તે બોટાદની હકુમતમાં બનેલ હોય તેવું જણાતું નથી પરંતુ તકરારી બનાવ પરવટ ગામે, તા. વિજયનગર, જી. સાબરકાંઠા ખાતે બનેલ હોવાનું જણાય છે. તેમજ સાહેદનો પુરાવો જોતાં આરોપીઓના શારીરિક માનસિક ત્રાસના કારણે ફરિયાદીને જીવન જીવવાનું દુઃસહ્ય બની જાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. જે ધ્યાને લેતાં આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

**૧૩.૫)** ફરિયાદપક્ષે આંક–૨૨ થી રજુ ત.ક.અમલદારનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તપાસના કામે સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખી લઇ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. જ્યારે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં ફરિયાદવાળો બનાવ પરવટ ગામે બનેલ તેઓએ ત્યાં જઇ કોઇ તપાસ

કરેલ નથી. ફરિયાદમાં ગાળોના શબ્દો લખાવેલ નથી. તેમજ ફરિયાદી પરવટ ગામેથી જાતે બોટાદ આવી ગયેલાનું ફરિયાદમાં જણાવેલ છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોય તેવું જણાઈ આવતું નથી.

આ કામે ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી આરોપીઓએ ફરિયાદ મુજબનો ગુનો કરેલ હોય તે હકિકત શંકારહિત રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે ત.ક.અમલદારના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**૧૪.)** વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના **ભલીન્દ્રસિંગ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ, એસ.સી પાના નં.૬૨,** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,

> "Prosecution has to establish his case on its own legs. weakness of defence can not be used as circumstances in favour of prosecution."

તેમજ પુરાવાના કાયદાની કલમ—૧૦૧ની જોગવાઈ જોવામાં આવે તો, જે એમ ઇચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકિકતોની સાબિતીના અસ્તીત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હક્ક અથવા જવાબદારી વિષે કોઈ બીજો ન્યાયાલય ફેસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે તે હકિકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યક્તિ, કોઈ હકિકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યક્તિ ઉપર છે તેમ કહેવાય.

તે પ્રમાણે અન્ય એક ચુકાદો **શિવ ચરણસિંહ વિરૂધ્ધ ચંદ્રભાણ, એ.આઈ.આર. ૧૯૯૮, સુ.કો. પાના નં.૬૩૭** માં પ્રસ્થિાપિત સિધ્ધાંત પ્રમાણે જે પક્ષકાર સાબિતીનો બોજો હોય તેણે સફળ થવા માટે નિઃશંકપણે કેસ સાબિત કરવો જોઈએ અને તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ પ્રતિસ્પર્ધીના કેસની નબળાઈનો લાભ ઉઠાવી શકતો નથી. તેણે તેના પોતાના હક્કના આધારે સફળ થવુ જોઈએ અને પોતાના કેસની સ્પષ્ટ સાબિતી આપવી જોઈએ. આ કામે ફરિયાદ પક્ષે મુખ્ય સાહેદોને તપાસેલા છે.

**૧૫.)** આ સંજોગોમાં આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર થઈ શકે તેમ ન હોય, ત્યારે ફરિયાદપક્ષ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, તેમજ ફરિયાદપક્ષે પોતાનો

કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ જે તેણે આ કામે પુરવાર કરેલો ન હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.)** આ કામના આરોપીઓ (૧) અંકિતભાઇ કાંતીલાલ માલવીયા, તથા (૨) આશાબેન કાંતીલાલ માલવીયા ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો. કલમ–૪૯૮(ક), ૫૦૪, ૧૧૪ મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ સમય સુધીના જામીન રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧ મી માહે–મે, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૧–૦૫–૨૦૨૬. (મનન એસ. સોની)
મુ. બોટાદ. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, બોટાદ.
વિશાલ (જી.જે. ૦૧૨૬૨)